વડોદરામાં 31 ડિસેમ્બર પહેલાં દારૂના કટિંગ પર પોલીસનો દરોડો

મકરપુરા પોલીસે 1.05 કરોડનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી લીધો, બે શખ્સોની ધરપકડ

બંધ બોડીના કન્ટેનરમાં છુપાવેલો દારૂ ઝડપાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

વડોદરા શહેરમાં આવનારા નવા વર્ષ અને 31 ડિસેમ્બરની ઉજવણીને લઈને દારૂની હેરાફેરી વધવાની શક્યતા વચ્ચે મકરપુરા પોલીસે મોટી કાર્યવાહી કરી છે.

માણેજા વિસ્તારમાં ચાલી રહેલા દારૂના કટિંગ દરમિયાન પોલીસની ટીમે ત્રાટકી કરી લાખોની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. પ્રાપ્ત માહિતી મુજબ માણેજા વિસ્તારમાં દારૂનું કટિંગ ચાલી રહ્યું હતું. બંધ બોડીના કન્ટેનરમાં છુપાવેલો દારૂ છોટા હાથી ટેમ્પો સહિત અન્ય વાહનો મારફતે સપ્લાય કરવામાં આવી રહ્યો હતો. તે સમયે મકરપુરા પોલીસની ટીમે દરોડો પાડી સ્થળ પરથી દારૂનો વિશાળ જથ્થો કબ્જે કર્યો હતો.

નવા વર્ષની ઉજવણી પહેલાં પોલીસ સતર્ક

વડોદરામાં 31 ડિસેમ્બરની ઉજવણીને લઈને લોકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે, ત્યારે બીજી તરફ દારૂના રસિકોને સ્ટોક પહોંચાડવા માટે બુટલેગરો સક્રિય બન્યા છે. જોકે, પોલીસ દ્વારા પહેલેથી જ કડક નજર રાખવામાં આવી રહી છે અને શહેરમાં આવા ગેરકાયદે ધંધાઓ સામે સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે.

કોયલી ખાતે કરોડોની કિંમતના દારૂના જથ્થા પર બુલડોઝર ફેરવી નાશ કરાયો

વડોદરા શહેરના આવેલા પોલીસ સ્ટેશન પૈકીના પોલીસ સ્ટેશનમાં રૂપિયા 1 કરોડ 75 લાખનો વિદેશી દારૂનો જથ્થો પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવ્યો છે. ત્યારે આજે 29 ડિસેમ્બરના રોજ પોલીસ કમિશનર નરસિંમ્હા કોમાર તેમજ વિવિધ ઝોનના ડીસીપી, ડિવિઝનના એસીપી ઉપરાંત અલગ અલગ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ ઇન્સ્પેક્ટરોની હાજરીમાં દારૂની બોટલ, ટીન તથા ક્વાટરિયા પર બુલડોઝર ફેરવી નાશ કરવામાં આવ્યો હતો. દારૂનો નાશ કરવા માટે કોર્ટમાંથી મંજૂરી મેળવ્યા બાદ કોયલી વિસ્તારમાં આવેલી જગ્યા દારૂની બોટલ સહિત જથ્થો પથારી દેવામાં આવ્યો હતો. ત્યારબાદ મેજિસ્ટ્રેટ સહિતના અધિકારોની હાજરીમાં વિધિવત્ રીતે દારૂનો નાશ કરવામાં આવ્યો હતો. 31 ડિસેમ્બરને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે પોલીસે કરોડોની કિંમતના દારૂ પર બુલડોઝર ફેરવી દીધું હતું.

આસપાસના રહેણાંક વિસ્તાર સુધી આગની જવાળાઓ પહોંચી જતાં ભય

કાસમઆલા કબ્રસ્તાન પાસેના નાળામાં પડેલા કચરામાં આગ ભભૂકી

ફાયરના જવાનોએ પાણીનો પારો ચલાવી આગ બુજાવી દીધી, સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

વડોદરા શહેરના કારેલીબાગ કાસમઆલા કબ્રસ્તાન નજીક આવેલા વિશ્વામિત્રી નાળામાં પડેલા કચરામાં મોડીરાત્રીએ આગ ભુભૂકી હતી. જે નજીકમાં આવેલી સોસાયટીના બે મકાનોમાં તરફ પણ પ્રસરી હતી. બનાવની જાણ કરતા ફાયર બ્રિગેડના જવાનો સ્થળ પર પહોંચ્યા હતા અને પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવી લીધો હતો.

આગ આજુબાજુના મકાનો સુધી ફેલાઈ હતી. જેના કારણે તંત્રમાં દોડધામ મચી હતી. વડોદરા શહેરમાં લોકો જ્યાં ત્યાં નાળામાં કચરો ફેંકી તેના નિકાલ માટે તેને સળગાવતા હોય છે. જેના કારણે આગ વધુ ફેલાતી હોય છે. અગાઉ પણ ઘણી વખત વખત વિશ્વામિત્રી નદીના નાળા અને કોતરમાં આગ લાગવાની ઘટના બની છે. ત્યારે, ફરી એક વખત કારેલીબાગ સ્થિત કાસમઆલા કબ્રસ્તાન નજીક આવેલા નાળામાં પડેલા કચરામાં આગ લાગી હતી.

જે નજીકમાં આવેલી અતુલ પાર્ક સોસાયટીના મકાનો સુધી પણ પહોંચી હતી. જેના કારણે લોકોમાં ભયનો માહોલ છવાયો હતો. દાંડિયા બજાર ફાયર સ્ટેશનના ફાયર ઓફિસરે જણાવ્યું હતું કે વડોદરા ફાયર કંટ્રોલરૂમ તરફથી અમને કોલ મળ્યો હતો કે, કાસમવાલા કબ્રસ્તાન પાસે નાળામાં પડેલા કચરામાં આગ લાગી છે. ત્યાં બે મકાન હતા. જેની આજુબાજુ પણ આગ પકડાઈ ગઈ હતી. એટલે અમે સ્થળ પર આવી પહોંચ્યા હતા અને પાણીનો પારો ચલાવી આગ બુજાવી દીધી હતી.

શહેરના અલગ અલગ વિસ્તારોમાં ચાલતા દારૂના અડ્ડા પર રેડ તથા હેરાફેરી દરમિયાન વડોદરા પોલીસે દારૂ પકડ્યો

વડોદરામાં વર્ષ 2025માં વડોદરામાં દારૂના 3182 ગુના દાખલ, રૂ.9.45 કરોડનો દારૂ ઝડપાયો, 3117 આરોપીની ધરપકડ

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

વર્ષ 2025 દરમિયાન વડોદરા શહેરના અલગ અલગ વિસ્તારોમાં સ્થાનિક પોલીસ તથા એજન્સીઓ દ્વારા દરોડો પાડીને દેશી તથા વિદેશી દારૂ સહિત રૂ. 9.45 કરોડનો દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યા છે. જેમાં પોલીસ દ્વારા એક વર્ષમાં 3182 ગુના દાખલ કર્યા છે અને જેમાં દેશી તથા વિદેશી દારૂનું વેચાણ કરનાર 3117 આરોપીની ધરપકડ પણ કરી લેવામાં આવ્યાં છે. વડોદરા શહેરમાં વર્ષ 2025માં પ્રોહિબીશનની પ્રવૃતિ ઉપર લગામ લગાવવા માટે કાર્યવાહી કરવાની સુચનાઓ પોલીસ કમિશન નરસિમ્હા કોમાર આપવામાં આવી હતી. જેને લઈને શહેર પોલીસ દ્વારા એક્શનમાં આવી ગઈહતી અને વિવિધ વિસ્તારોમાં ગેરકાયદે ચાલતા દારૂના અડ્ડા પર રેડ તથા દારૂની હેરાફેરી પર સપાટો બોલાવ્યો હતો. જેમાં વિવિધ સ્થાનિક પોલીસ તથા એજન્સીઓ દ્વારા રૂ.19.99 લાખનો દેશી તથા રૂ.9.25 લાખનો વિદેશી દારૂ મળી રૂ.9.45 કરોડનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. જેમાં દેશી દારૂના 2077 તથા વિદેશી દારૂના 1105 મળી રૂ. 3182 ગુના દાખલ કરવામાં આવ્યાં હતા. જેમાં દેશી દારૂ સાથે 2101 આરોપી તથા વિદેશી દારૂ સાથે 1016 આરોપી મળી કુલ 3117 આરોપીઓની ધરપકડ કરીને તેમને જેલ ભેગા કરી દેવામાં આવ્યા છે. તેમ પોલીસ કમિશનરે જણાવ્યું હતું.

128 આરોપીને PASA હેઠળ કાર્યવાહી, 11 તડીપાર કરાયાં

પ્રોહિબીશનના ગુનાઓમાં પકડાયેલ 128 આરોપી વિરૂધ્ધ પાસા એક્ટ મુજબની કાર્યવાહી કરી તેમને જેલ હવાલે કરવામાં આવ્યાં છે. 3 આરોપીને જેલ હવાલે કરવામાં આવ્યાં છે. અટકાયતી ઇસમો પૈકી 15 લીસ્ટેડ બુટલેગરોની પાસા ધારા હેઠળ અટકાયત કરવામાં આવી છે.તેવી જ રીતે માથાભારે તેમજ પ્રોહિબીશનની પ્રવૃતિ સાથે સંકળાયેલ 11 આરોપી તડીપાર કરી શહેર બહાર મોકલી આપવામાં આવ્યાં છે. દારૂ પીવાના 3409 કેસ શોધી કાઢયા છે. જે પૈકી નશો કરી ડ્રંક એન્ડ ડ્રાઇવ કરતા 862 ગુના દાખલ કરાયા છે. વડોદરા શહેર સહિત અન્ય શહેર તેમજ સમગ્ર ગુજરાત તથા ગુજરાત બહાર બહાર પણ પોતાનું દારુનું નેટવર્ક ચલાવનાર સંગઠીત ટોળકી તરીકે કામ કરતા ઇસમો વિરૂધ્ધ Gujarat Control of Terrorism and Organised Crime Act-2015 (GUJCTOC-2015) હેઠળ ગુનો દાખલ કરી ટોળકીની પ્રવૃતિ ઉપર અંકુશ મેળવવામાં સફળતા પોલીસ મળી છે.

2025માં ઝોન પ્રમાણે કેટલો દારૂનો નાશ કરાયો

ઝોન	કાર્યક્રમ	કેસ	બોટલ	કિંમત
1	3	313	196627	3.89 કરોડ
2	2	62	7433	24.72 લાખ
3	3	319	59390	1.82 કરોડ
4	411	214113	3.29	2 કરોડ
કુલ	10	1105	477563	9.25 કરોડ

ટ્રેન સંચાલનમાં સલામતીને વધુ મજબૂત બનાવવાના પ્રયાસ

બાજવા-અમદાવાદ સેક્શન પર સ્વદેશી કવચ 4.0 સિસ્ટમ કાર્યરત

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરાના બાજવા-અમદાવાદ સેક્શન પર કવચથી સજ્જ પ્રથમ ટ્રેન,59549/59550 સંકલ્પ ફાસ્ટ પેસેન્જર 29 ડિસેમ્બર ના રોજ વડોદરાથી અમદાવાદ માટે રવાના થઈ હતી. સ્વદેશી કવચ સિસ્ટમ જોવા માટે વડોદરા ડિવિઝનલ રેલ્વે મેનેજર રાજુ ભડકે અને વરિષ્ઠ અધિકારીઓ દ્વારા લોકોમોટિવ પર સવારી કરવામાં આવી હતી. બાજવા-અમદાવાદ સેક્શન પર સ્વદેશી કવચ 4.0 સિસ્ટમના સફળ કમિશનિંગને ચિહ્નિત કરતી પ્રથમ ટ્રેન 100% કાર્યરત ઉપલબ્ધતા સાથે દોડી હતી. વડોદરા ડિવિઝનલ રેલ્વે મેનેજર, રાજુ ભડકેએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારતના વિઝનને રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવના માર્ગદર્શન હેઠળ રેલ્વેમાં ટેકનોલોજીમાં સમાવિષ્ટ કરવામાં આવી રહ્યું છે. કવચ એ સ્વદેશી રીતે વિકસિત ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ છે જે સિગ્નલ પાસ એટ ડેન્જર નિવારણ, ઓટોમેટિક સ્પીડ કંટ્રોલ અને હેડ-ઓન અને રીઅર-એન્ડ કોલિઝન પ્રોટેક્શન જેવી કાર્યક્ષમતા પ્રદાન કરે છે. તે ટ્રેક, સિગ્નલો અને લોકોમોટિવ વચ્ચે વાતચીત કરવા માટે ટ્રેક પર ટેગ્સ અને અલ્ટ્રા-હાઈ રેડિયો ફ્રીક્વન્સી નો ઉપયોગ કરે છે, કેબિનમાં લોકો પાઈલટ્સને રીઅલ-ટાઈમ માહિતી પૂરી પાડે છે, સુરક્ષિત અને વધુ કાર્યક્ષમ મુસાફરી માટે સતર્ક રક્ષક તરીકે કાર્ય કરે છે. 96 કિમી લાંબા બાજવા-અમદાવાદ સેક્શન પર સ્વદેશી ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ 'કવચ' લાગુ કરવામાં આવી છે. જેમાં 17 સ્ટેશનો આવરી લેવામાં આવ્યા છે, 23 ટાવર લગાવવામાં આવ્યા છે અને 192 કિમી ઓપ્ટિકલ ફાઈબર કેબલ નાખવામાં આવ્યા છે. એન.એમ.એસ ડિવિઝન ઓફિસ, પ્રતાપનગર અને અમદાવાદ ખાતે સ્થાપિત કરવામાં આવ્યું છે. આ સેક્શન પર આ સિસ્ટમ કાર્યરત થવાથી સલામતી વધશે અને ઊંચી ઝડપે પણ સલામત ટ્રેન સંચાલન સુનિશ્ચિત થશે.

માથાભારે તત્વ સામે 'પાસા' હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવે તેવી લોકમાંગ

શહેરના પ્રાચીન કામનાથ મહાદેવ મંદિર પરીસરમાં અસામાજિક તત્વો દ્વારા તોડફોડ

કૂવાનું મશીન અને પથ્થરો તોડ્યા, સ્થાનિકોમાં ભારે રોષ

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

વડોદરા શહેરના કારેલીબાગ બાલભવન પાસે આવેલા ગાયકવાડી શાસનકાળના ઐતિહાસિક કામનાથ મહાદેવ મંદિરમાં રવિ ગોસ્વામી નામના શખ્સે નશાની હાલતમાં આતંક મચાવ્યો હતો. આ શખ્સે મંદિરના પરિસરમાં બેસાડવામાં આવેલા પથ્થરો તોડી નાખ્યા હતા તેમજ ભગવાનના અભિષેક માટે વપરાતા પાણીના કૂવાનું મોટર-મશીન પણ તોડી નાખ્યું હતું. આ નુકસાનને કારણે શિવભક્તોને પૂજા-અર્ચનામાં ભારે મુશ્કેલી પડી રહી છે.

સ્થાનિક ટ્રસ્ટી હરીશભાઈ ગોસાઈના જણાવ્યા અનુસાર, આ શખ્સ અવારનવાર નશાકારક પદાર્થોનું સેવન કરી વિસ્તારમાં ભયનું વાતાવરણ ઉભું કરે છે. ગત રાત્રે તેણે માત્ર મંદિરમાં જ નહીં, પરંતુ આસપાસ પાર્ક કરેલી બાઈકોમાં પણ તોડફોડ કરી હતી અને રહીશો પર પથ્થરમારો કર્યો હતો. અગાઉ પણ આ શખ્સે અનેક લોકો પર હુમલા કર્યા હોવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદો ઉઠી છે. મંદિરના પુજારી દિલીપગીરી ગોસ્વામીએ જણાવ્યું હતું કે, મંદિરમાં અસામાજિક તત્વોના અડ્ડા જામ્યા છે અને વારંવાર આવી ઘટનાઓ બને છે. સ્થાનિકોએ પોલીસ પાસે માંગ કરી છે કે આ માથાભારે તત્વ સામે 'પાસા' હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવે અને ધાર્મિક સ્થળની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવે.

વધતો જતો નશાનો ક્રેઝ સુરક્ષા સામે સવાલ

કારેલીબાગ વિસ્તારના રહીશોના આક્ષેપ મુજબ, આરોપી રવિ ગોસ્વામી ચરસ અને ગાંજા જેવા નશાકારક પદાર્થોના નશામાં અવારનવાર હિંસક બની જાય છે. અગાઉ તેણે તલવાર વડે હુમલો અને છરીબાજી જેવી ઘટનાઓ પણ આચરી છે. શ્રદ્ધાના કેન્દ્ર સમાન નવનાથ મહાદેવના મંદિરમાં થયેલી આ તોડફોડ બાદ હવે પોલીસની કામગીરી સામે પણ સવાલો ઉઠી રહ્યા છે. શું પોલીસ આવા માથાભારે તત્વો સામે દાખલો બેસે તેવી કાર્યવાહી કરશે?

રામ સુતારના નિધનથી વડોદરા પાલિકા શોકમગ્ન

વર્ષની છેલ્લી સભા કોઈ પણ ચર્ચા વગર આટોપી લેવાઈ

પરંપરા મુજબ સદગતોના માનમાં 19મી જાન્યુઆરી સુધી સભા સ્થગિત, પ્રજાના પ્રશ્નો હવે નવા વર્ષે ચર્ચાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

વડોદરા મહાનગરપાલિકાની વર્ષ 2025ની છેલ્લી સામાન્ય સભા આજે ભારે શોક અને દુઃખની લાગણી વચ્ચે મુલતવી રાખવામાં આવી હતી. સ્ટેચ્યુ ઓફ યુનિટીના વિશ્વવિખ્યાત શિલ્પકાર પદ્મ વિભૂષણ રામ સુતાર અને વડોદરાના પૂર્વ સભાસદ જયશ્રીબેન કહારના નિધનના પગલે સભામાં શોકદર્શક ઠરાવ પસાર કરી બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું. વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા એવી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના સર્જક રામ સુતારજીનું 100 વર્ષની વયે દુખદ અવસાન થયું છે. ભારત સરકાર દ્વારા પદ્મશ્રી અને પદ્મ વિભૂષણથી સન્માનિત એવા આ મહાન શિલ્પકારે કલા જગતમાં અમૂલ્ય પ્રદાન આપ્યું છે. વડોદરા મહાનગરપાલિકાના સભ્યોએ આ કલાકારના નિધન પર ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી હતી. સભા દરમિયાન વડોદરાના પૂર્વ મ્યુનિસિપલ સભાસદ જયશ્રીબેન કિશોરભાઈ કહારના 60 વર્ષની વયે થયેલા અવસાન અંગે પણ શોક વ્યક્ત કરાયો હતો. તેઓએ પોતાના વિસ્તારનું પ્રતિનિધિત્વ કરી પ્રજાના પ્રશ્નોને મ્યુનિસિપલ સભામાં વાચા આપી હતી. પાલિકાની પરંપરા મુજબ, પૂર્વ સભાસદના માનમાં સભા મુલતવી રાખવાનો નિર્ણય લેવાયો હતો.

યુવતીએ બુમરાણ મચાતા બાઇક ચાલક સ્થળ પરથી રફુચક્કર થઇ ગયો

બાપોદ વિસ્તારમાં યુવતીનો પીછો કરી બાઈક ચાલક દ્વારા છેડતી કરાઈ

પોલીસ દ્વારા સ્થળ પરના સીસીટીવી ફૂટેજના આધારે રોમિયોને ઝડપી પાડવા તજવીજ

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

બાપોદ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પસાર થતી 19 વર્ષીય યુવતીની પીછો કરીને બાઇક પર આવેલા શખ્સ દ્વારા છેડતી કરવામાં આવી હતી.

જેથી યુવતીએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા સીસીટીવી ફુટેજમાં દેખાયેલા બાઇકના નંબરના આધારે તેની શોધખઓળ શરૂ કરવામાં આવી છે. વડોદરા શહેરના આજવા રોડ પર રહેતી 19 વર્ષી યુવતી 24 ડિસેમ્બરના રોજ સાંજના સાડા પાંચ વાગ્યાના અરસામાં પસાર થઇ રહ્યાં હતા. તે દરમિયાન બાઇક પર એક શખ્સ આ યુવતીનો પીછો કરવા લાગ્યો હતો. ત્યારબાદ યુવતીની પાસે બાઇક લાવીને તેની છેડતી કરવા લાગ્યો હતો. જેથી યુવતી ગભરાઇ ગઇ હતી અને બુમરાણ મચાવતા આ બાઇક ચાલક સ્થળ પરથી ફરાર થઇ ગયો હતો. જેથી યુવતીએ બાપોદ પોલીસ સ્ટેશનમાં આ અજાણ્યા બાઇક ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસ દ્વાર જ્યાં છેડતી કરી છે ત્યાં લગાવેલા સીસીટીવી ફુટેજના આધારે છેડતીના કરનાર શખ્સને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે. ઉલ્લેખનીય છે કે વડોદરા શહેરના અલગ અલગ વિસ્તારોમાં હાલમાં સગીરા તથા પુખ્ત વયની યુવતીઓના છેડતી કર્યાં બાદ તેમના પર બળજબરી પૂર્વક દુષ્કર્મ ગુજારવામાં આવતા હોવાના અનેક બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે. ત્યારે જેને લઇ આ યુવતી પણ ગભરાઇ ગઇ હતી અને પોલીસના દ્વાર ખખડાવ્યાં હતા.

ભારત સરકાર તાત્કાલિક લશ્કરી પગલાં ભરે અને ત્યાં વસતા હિન્દુઓને સુરક્ષિત કરે : વિહીપ

બાંગ્લાદેશમાં હિન્દુઓના નરસંહાર સામે વડોદરામાં 'ભારે આક્રોશ': કલેક્ટર કચેરીએ ઉગ્ર રજૂઆત

આંતરરાષ્ટ્રીય વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળની ગર્જના; ભારત સરકારને હિન્દુઓની રક્ષા માટે લશ્કરી પગલાં લેવા માંગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

વડોદરા બાંગ્લાદેશમાં લઘુમતી હિન્દુ સમાજ પર થઈ રહેલા અમાનુષી અત્યાચારો અને નિર્મમ હત્યાઓની ઘટનાઓએ સમગ્ર દેશમાં રોષ જગાડ્યો છે. આ હિંસાના વિરોધમાં આજે વડોદરા ખાતે આંતરરાષ્ટ્રીય વિશ્વ હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગ દળ દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. સંગઠનના હોદ્દેદારો અને કાર્યકરોએ મોટી સંખ્યામાં એકઠા થઈ જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર પાઠવી ભારત સરકાર પાસે કડક કાર્યવાહીની માંગ કરી છે. છેલ્લા કેટલાક દિવસોથી બાંગ્લાદેશમાં હિન્દુ પરિવારો, મંદિરો અને તેમની મિલકતો પર જે પ્રકારે હુમલા થઈ રહ્યા છે, તેને લઈને હિન્દુ સંગઠનોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. આવેદન પત્ર આપતા રાષ્ટ્રીય બજરંગ દળના દક્ષિણ ગુજરાત પ્રાંતના મંત્રી ઉમેશ જોશીએ જણાવ્યું હતું કે, "બાંગ્લાદેશમાં હિન્દુઓની નિર્મમ હત્યાઓ થઈ રહી છે, છતાં ભારત સરકાર મૌન હોય તેવું જણાય છે. અમે કલેક્ટરના માધ્યમથી સરકારને વિનંતી કરીએ છીએ કે ભારત સરકાર તાત્કાલિક લશ્કરી પગલાં ભરે અને ત્યાં વસતા હિન્દુઓને સુરક્ષિત કરે." વિરોધ પ્રદર્શન દરમિયાન સંગઠન દ્વારા સરકારની નીતિ પર પણ સવાલો ઉઠાવવામાં આવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, જ્યારે બાંગ્લાદેશમાં હિન્દુઓ અસુરક્ષિત હોય અને તેમની કતલ થતી હોય, ત્યારે ભારત સરકાર દ્વારા શેખ હસીનાને સુરક્ષિત રાખવાનો કોઈ અર્થ રહેતો નથી. સરકારની પ્રાથમિકતા ત્યાંના હિન્દુઓની સુરક્ષા હોવી જોઈએ. વડોદરા મહાનગર અને જિલ્લા એકમ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં કાર્યકરોએ સૂત્રોચ્ચાર કરી પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. આંતરરાષ્ટ્રીય વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા સ્પષ્ટ ચીમકી આપવામાં આવી છે કે જો બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થતા અત્યાચારો અટકાવવા માટે યોગ્ય પગલાં લેવામાં નહીં આવે, તો આગામી સમયમાં આંદોલન વધુ તેજ બનાવવામાં આવશે. જિલ્લા કલેક્ટરે આ આવેદન પત્ર સ્વીકારીને તેને ઉચ્ચ સ્તરે પહોંચાડવાની ખાતરી આપી હતી. વડોદરામાં થયેલા આ વિરોધ પ્રદર્શને ફરી એકવાર બાંગ્લાદેશમાં વસતા હિન્દુઓની સુરક્ષાનો મુદ્દો ચર્ચાના ચગડોળે ચઢાવ્યો છે.

એમએસયુએ ભારતના રાષ્ટ્રીય વિચારકો પર આધારિત નવો અભિગમ અપનાવ્યો

એનલાઈઝિંગ એન્ડ અન્ડરસ્ટેન્ડિંગ નોન ફિક્શનલ રાઈટિંગ્સ ઓન ભારત માઈનર કોર્સ અમલમાં મૂકાયો

અંગ્રેજી અભ્યાસક્રમમાં રાષ્ટ્રવાદ, સંસ્કૃતિ સંબંધિત વિચારધારા અને ભારતીય બૌદ્ધિક પરંપરાનો સચેત સમાવેશ

(પ્રતિનિધિ) વડોદરા, તા.29

એનઈપી 2020 હેઠળ મહત્વપૂર્ણ શૈક્ષણિક પરિવર્તન રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સાથે સુસંગત એક મહત્વપૂર્ણ શૈક્ષણિક પહેલ રૂપે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ આર્ટ્સના અંગ્રેજી વિભાગ દ્વારા બીએ અંગ્રેજી કાર્યક્રમ અંતર્ગત એનલાઈઝિંગ એન્ડ અન્ડરસ્ટેન્ડિંગ નોન ફિક્શનલ રાઈટિંગ્સ ઓન ભારત નામનો નવો માઈનર કોર્સ શૈક્ષણિક વર્ષ 2025-26 થી અમલમાં મૂકવામાં આવ્યો છે. આ અભ્યાસક્રમ દ્વારા અંગ્રેજી અભ્યાસમાં રાષ્ટ્રવાદ, સંસ્કૃતિસંબંધિત વિચારધારા અને ભારતીય બૌદ્ધિક પરંપરાનો સચેત સમાવેશ કરવામાં આવ્યો છે. એમ.એસ.યુનિવર્સિટી દ્વારા 2023 માં શરૂ કરાયેલા સંસ્કૃત સાહિત્યના મૂલ્યવર્ધિત કોર્સને મળેલા ઉત્તમ વિદ્યાર્થી પ્રતિસાદના આધારે આ નવી પહેલ હાથ ધરવામાં આવી છે. જે સાંસ્કૃતિક આત્મવિશ્વાસ, તર્કસંગત ચિંતન, બૌદ્ધિક આત્મનિર્ભરતા અને શિક્ષણના ડિકોલોનાઈઝેશનના રાષ્ટ્રીય દૃષ્ટિકોણને આગળ વધારશે. રાષ્ટ્રીય વિચારકો પર કેન્દ્રિત અભ્યાસક્રમ ચાર ક્રેડિટનો આ કોર્સ ત્રીજા વર્ષના બીજા સેમેસ્ટરમાં કુલ સાઠ કલાક માટે પાઠ્યરૂપે ચલાવવામાં આવશે. અભ્યાસક્રમને ચાર યુનિટમાં રચવામાં આવ્યો છે. જેમાં જીવનચરિત્ર, આત્મકથા, તત્ત્વચિંતન અને જાહેર વક્તવ્યના માધ્યમથી ભારતના વિચારધારાત્મક પરિપ્રેક્ષ્યને કેન્દ્રસ્થાને રાખવામાં આવ્યો છે. ભાષાને રાષ્ટ્રીય એકતા અને લોકશાહી ભાગીદારીના સાધન તરીકે સમજાવવામાં આવશે.

રાષ્ટ્રીય સેવા, શિસ્ત અને નૈતિક નેતૃત્વને સમર્પિત વ્યક્તિત્વોના જીવન પર તટસ્થ અને તર્કસભર વિશ્લેષણ કરાશે

પ્રથમ યુનિટમાં નરેન્દ્ર મોદી દ્વારા લખાયેલ જ્યોતિપુંજના આધારે જીવન ચરિત્રાત્મક લેખનનો અભ્યાસ કરવામાં આવશે. રાષ્ટ્રીય સેવા, શિસ્ત અને નૈતિક નેતૃત્વને સમર્પિત વ્યક્તિત્વોના જીવન પર તટસ્થ અને તર્કસભર વિશ્લેષણ કરાવવામાં આવશે, જેમાં નેતૃત્વ અને પ્રેરણાને શૈક્ષણિક વિષય તરીકે જોવામાં આવશે. બીજા યુનિટમાં વીર સાવરકરની આત્મકથા ઇનસાઇડ ધી એનમી કેમ્પનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ યુનિટમાં વ્યક્તિગત અનુભવ, કેદ, પ્રતિકાર અને વિચારધારાત્મક પ્રતિબદ્ધતા આત્મકથાત્મક અવાજને કેવી રીતે આકાર આપે છે તેનું વિશ્લેષણ કરવામાં આવશે. ઇતિહાસિક વ્યક્તિત્વોને ટાળવાને બદલે માહિતીસભર અને વિવેચનાત્મક ચર્ચાને પ્રોત્સાહન આપવામાં આવશે. ત્રીજા યુનિટમાં શ્રી અરવિંદની ભારતમાં પુર્નજીવન તથા પંડિત દીનદયાલ ઉપાધ્યાયની અભિન્ન માનવતાવાદ માંથી પસંદગી કરાયેલ નિબંધો અને વ્યાખ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ યુનિટ દ્વારા સાંસ્કૃતિક પુનર્જાગરણ, સર્વાંગી વિકાસ અને સ્વદેશી સામાજિક - રાજકીય વિચારધારાનું અધ્યયન કરાવવામાં આવશે. ચોથા યુનિટમાં સ્વામી વિવેકાનંદની પૂર્વ અને પશ્ચિમ અને મન કી બાતમાંથી પસંદ કરાયેલ ભાષણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ભાગમાં ભારતનો વૈશ્વિક સંવાદ, આધુનિક રાષ્ટ્રીય સંચાર અને સામાજિક જાગૃતિના મુદ્દાઓનું વિશ્લેષણ કરવામાં આવશે.